# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ હેઠળની જા.ક્ર.૪૦૫/૨૦૨૫૨૬, સ્પીચ થેરાપીસ્ટ, વર્ગ–૩ સંવર્ગમાં જગ્યામાં સુધારા અંગેની જાહેરાત તથા ઉમેદવારો માટે અરજીપત્રકો મંગાવવા બાબતની અગત્યની સૂચના

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હસ્તકના સ્પીચ થેરાપીસ્ટ, વર્ગ–૩, સંવર્ગની કુલ–૦૧ જગ્યા દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ હેઠળ સીધી ભરતીથી ભરવા માટે જા.ક્ર.૪૦૫/૨૦૨૫૨૬, તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરી તા.૦૬/૦૩/૨૦૨૬ થી તા.૨૦/૦૩/૨૦૨૬ દરમ્યાન ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ હતા.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી હસ્તકની ઓડીયોલોજીસ્ટ, વર્ગ–૩ ની કુલ–૦૧ જગ્યા દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ હેઠળ સીધી ભરતીથી ભરવા માટેનું માંગણીપત્રક મળેલ છે. જે અનુસાર સ્પીચ થેરાપીસ્ટ સંવર્ગના ભરતી નિયમો તથા અભ્યાસક્રમ, ઓડીયોલોજીસ્ટ, વર્ગ–૩ સંવર્ગના ભરતી નિયમો તથા અભ્યાસક્રમ સાથે સુસંગત હોઈ જગ્યામાં વધારો કરવાનો થાય છે. તેથી તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ ઉકત જાહેરાતના પૃષ્ઠ ૨ પર દર્શાવેલ જા.ક્ર.૪૦૫/૨૦૨૫૨૬ ની સ્પીચ થેરાપીસ્ટ સંવર્ગની જગ્યાઓમાં ઓડીયોલોજીસ્ટ, વર્ગ–૩ સંવર્ગની કુલ–૦૧(એક) જગ્યાઓનો ઉમેરો કરવાનો થતો હોઈ કુલ–૦૨ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આથી નીચે દર્શાવ્યા મુજબની ભરતી કરવા માટેની જગ્યાઓ સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાની રહેશે.

**૫. જગ્યાની વિગતો :–**

| જગ્યાનું નામ | ખાતાના વડાની કચેરી | કુલ જગ્યાઓ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ | સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D | E |
| સ્પીચ થેરાપીસ્ટ | અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ | | LV(40-70)% | - | - | - | - |
| | | ૦૧ | ૦૧ | - | - | - | |
| ઓડીયોલોજીસ્ટ | અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ | | – | - | OA, OL, BL, CP, LC, Dw, AAV, SD, SI(Without Neurological Dysfunction) | - | - |
| | | ૦૧ | ૦૦ | - | ૦૧ | ૦૦ | |
| કુલ | | ૦૨ | ૦૧ | - | ૦૧ | ૦૦ | |

**LV** (Low Vision), **OA** (One Arm), **OL** (One Leg), **BL** (Both Legs), **CP** (Cerebral Palsy), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victims), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury)

**નોંધઃ-** (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના ખાતાના વડા અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હસ્તકના સ્પીચ થેરાપીસ્ટ તથા ઓડીયોલોજીસ્ટ એમ બંન્ને સંવર્ગોની શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા તથા અભ્યાસક્રમ એકસમાન હોઇ જા.ક્ર.૪૦૫/૨૦૨૫૨૬, સ્પીચ થેરાપીસ્ટ, વર્ગ-૩ સંવર્ગની જાહેરાતમાં ઓડીયોજીસ્ટ, વર્ગ-૩ સંવર્ગની કુલ-૦૧ જગ્યાનો વધારો કરવામાં આવે છે.

**(૨) ઓડીયોલોજીસ્ટ સંવર્ગ માટે પગાર ધોરણઃ-**

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ અને છેલ્લે તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૪)/ઝ.૧ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ **રૂ.૪૯,૬૦૦/- ના** ફિક્સ પગારથી નિમણૂક અપાશે તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૧૫/ ૩૧૨૯૧૧/ગ.૧ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવમાં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન, નિમાયેલા ઉમેદવાર પાંચ વર્ષના અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં **સાતમા પગાર પંચના રૂ.૩૯,૯૦૦/- થી રૂ.૧,૨૬,૬૦૦/- (લેવલ-૭)** ના પગારધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબત નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલા **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

(૩) સ્પીચ થેરાપીસ્ટ અને ઓડીયોલોજીસ્ટ સંવર્ગ માટે ખાલી જગ્યાઓને ધ્યાનમાં રાખીને, ફાળવણી કરતી વખતે ઉમેદવારોની દિવ્યાંગતા ધ્યાનમાં લેવામાં આવશે.

**(૪) આ સંયુક્ત જાહેરાતમાં દિવ્યાંગતાના બે અલગ-અલગ જૂથ હોઇ ખાસ કિસ્સામાં આ સંવર્ગો માટે પ્રતિક્ષા યાદી બનાવવાની રહેશે.**

**(૫) આ સુધારા જાહેરાત અન્વયે નવેસરથી અરજી કરતાં ઉમેદવારોને જ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) પ્રમાણપત્રો તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર સંબંધે આ સુધારા જાહેરાતમાં દર્શાવ્યા મુજબની સમયમર્યાદા લાગુ પડશે. જ્યારે અગાઉ અરજી કરેલ ઉમેદવારોને અગાઉની જાહેરાત મુજબની સ્થિતિ લાગુ પડશે, જે ધ્યાને લેવા વિનંતી.**

**(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:-**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩/ ૨૦૨૩-૨૪/૨૦૨૪-૨૫ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/

૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ **તા.૦૧/૦૪/૨૦૨૪ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૦/૦૪/૨૦૨૬** સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત ૬(૧)માં દર્શાવેલ પરિશિષ્ટ–૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૧૦/૦૪/૨૦૨૬** દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૬(૧) અથવા ૬(૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

(૫) ઉમેદવારે ઉક્ત ૬(૧) અથવા ૬(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## (૭) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો:–

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ ની જોગવાઈ થી નિયત થયેલ નમુના **Annexure-KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી)ના નમૂનામાં **તા.૧૧/૦૪/૨૦૨૩ થી તા.૧૦/૦૪/૨૦૨૬** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) ઉક્ત ૭(૧) માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તા.૧૦/૦૪/૨૦૨૬** સુધીમાં ભારત સરકાર હેઠળના **EWS** અનામતના લાભ માટે **Income and Asset Certificate** મેળવેલું હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૭(૧) અથવા ૭(૨) માં જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના જે ઉમેદવારો આ બંને પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) ઉમેદવારે ઉક્ત ૭(૧) અથવા ૭(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

**(૮) ઉક્ત વિગતે ઉમેદવારો પાસેથી OJAS વેબસાઇટ મારફત ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૦૧/૦૪/૨૦૨૬ (બપોરના ૧૬:૦૦ કલાક) થી તા.૧૦/૦૪/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન ઓન-લાઇન અરજી કરવાની રહેશે. તથા પરીક્ષા ફી છેલ્લી તા.૧૩/૦૪/૨૦૨૬ (૨૩:૫૯ કલાક) સુધીમાં ફરજિયાત ઓન-લાઈન ભરવાની રહેશે.**

**વધુમાં મૂળ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અંગે કટઓફ તા.૨૦/૦૩/૨૦૨૬ ના બદલે તા.૧૦/૦૪/૨૦૨૬ રહેશે તથા વયમર્યાદા અંગે કટ ઓફ તા.૨૦/૦૩/૨૦૨૬ રહેશે.**

જા.ક્ર.૪૦૫/૨૦૨૫૨૬ અન્વયે ઉપર દર્શાવેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઇઓ/બાબતો તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૦૧/૦૪/૨૦૨૬**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**